# મોડાસામાં ૯ જુગારીઓ ઝડપાયા
# ૧૩ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

મોડાસા, તા.૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં સામાજીક પ્રવૃત્તિઓએ માઝા મુકી છે. તાજેતરમાં બનેલી દ્વારા ગઈ કાલે રાત્રિના સમયે છાપો મારતાં રત્નમ બંગ્લોઝના મકાન નં. ૮માં રહેતા સંજયકુમાર કોદરભાઈ રાઠોડના બંગ્લોઝના ધાબા ઉપર જુગાર (મોચીવાડા), સલીમ મુસા સીંધવા (રહે. ભાગોળ ઘાંચીવાડા), મુસ્તાક ઉમર બાન્ડ (રહે. સુનેહરી મસ્જીદ પાસે) સોહેબ ઈબ્રાહીમ હુકા (રહે.



(તસવીર : જય અમીન, મોડાસા)

ડબ્બા ટ્રેડીંગ કૌભાંડ, કોલેજ રોડ પરની દુકાનમાંથી ઝડપાયેલું જુગારધામ, આર્ટસ કોલેજ પાછળથી ઝડપાયેલા જુગારધામની ઘટનાની ચર્ચાઓએ પૂર્ણવિરામ નથી લીધું ત્યાં જ ગઈ કાલે રાત્રે મોડાસાની રત્નમ સોસાયટીના એક બંગ્લોઝમાંથી માલિક સહીત ૮ નબીરાઓ જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. મોડાસા એલસીબીએ ૧૩૦૭૪૬૦ રૂ.નો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા ૯ શકુનિઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**રત્નમ બંગ્લોઝ નં. ૮ પર ઝડપાયેલા જુગાધામના બંગ્લોઝના માલિકની પત્ની પણ આ ગેરકાયેદસર જુગારધામમાં મદદગારી કરતી હોવાની જાણકારી પ્રાપ્ત થતાં શહેરમાં મહિલાની સામે ગુન્હો કેમ ના નોંધાયો તે વિષય ચર્ચાનો મુદ્દો બન્યો છે**

મોડાસા શહેરના પોશ વિસ્તારમાં આવેલી રત્નમ સોસાયટીમાં એક મકાનમાલિક દ્વારા પોતાના બંગ્લોઝમાં ગેરકાયદેસર જુગારધામ ચલાવાતો હોવાની બાતમીના આધારે અરવલ્લી જિલ્લા એલસીબી પી.આઈ. પી.કે. પટેલ અને તેમની ટીમ રમતા મકાનમાલિક સહિત ૮ નબીરાઓ ઝડપાઈ ગયા હતા. સંજય કોદરભાઈ રાઠોડ (માલિક), રમી ઈમ્તીયાઝ સુતાર (રહે. ટ્રાન્સપોર્ટ નગર સોસા.), માં. ઈલીયાસ અયુબભાઈ ગુજરાતી (રહે. ૯૫, રસુલબાદ સોસા.), માં ઈદ્રીશ ઈબ્રાહીમ ચડી (૪૨, અમનપાર્ક સોસા.), સાબીર ઈબ્રાહીમ દાદુ (રહે. આશીયાના સોસા.), સિકંદર મુસા સાવ હુકાફળી) તમામ રહે. મોડાસા સહિતના ૯ શકુનિઓ ઝડપાઈ ગયા હતા. અચાનક એલસીબની રેઈડથી તમામ શકુનીઓની આંખો પહોળી થઈ ગઈ હતી અને કુલ ૧૩,૦૭,૪૬૦નો મુદ્દામાલ ઝડપી પાડી ઝડપાયેલા ૯ નબીરાઓ વિરૂધ્ધ અરવલ્લી એલસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરતાં મોડાસા શહેરમાં આ ઘટના ટોક ઓફ ધ ટાઉન બની છે.

## આવતીકાલથી મુંબઈ ખાતે મહાસંપર્ક અભિયાનની બેઠક

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં અને રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી શ્રી રામલાલજીની ઉપસ્થિતિમાં સંગઠન પર્વના મહાસંપર્ક અભિયાન અંતર્ગત પશ્ચિમ ઝોનની રાષ્ટ્રીય બેઠક આવતીકાલ તા. ૯ જુલાઈના રોજ મુંબઈ ખાતે યોજાશે. કેન્દ્રીય ભાજપા દ્વારા આયોજીત આ એક દિવસીય બેઠકમાં પક્ષના રાષ્ટ્રીય હોદ્દેદારશ્રીઓ, પક્ષના રાષ્ટ્રીય કારોબારી સભ્યશ્રીઓ, પક્ષના પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ મોરચાના પ્રમુખશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ (લોકસભા-રાજ્યસભા), ધારાસભ્યશ્રીઓ, જિલ્લા/મહાનગરના ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જશ્રીઓ સહિત રાજ્યમાંથી ૩૦૦થી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે.

# પાલનપુરમાં કોલેજની ફી ભરવા બાબતે વિદ્યાર્થીઓ વચ્ચે છુટા હાથની મારામારી

પાલનપુર, તા. ૮

પાલનપુર હાઈવે પર આવેલી જી.ડી. મોદી કોલેજમાં આજે છાત્રો વચ્ચે કોલેજની ફી ભરવાને લઈને તકરાર થઈ હતી. જેની અદાવત રાખીને એસ.ટી. કોલોની વચ્ચે મારામારી થઈ હતી. જેને પગલે બે છાત્રોને ઈજા થતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

ઈજાગ્રસ્ત વિદ્યાર્થીના જણાવ્યા મુજબ, પાલનપુરની જી.ડી. મોદી વિદ્યા સંકુલમાં કોલેજના છાત્રો ફી ભરવા લાઈનમાં ઉભા હતા. જ્યાં છાત્રો વચ્ચે લાઈનમાં વચ્ચે ઘુસવા બાબતે તકરાર થઈ હતી. જ્યાં અસામાજીક તત્વોએ એક છાત્રના વ્હારે આવી ઝહીર નઈમખાન નાગોરી રહે. નાગોરીવાસ, કંસારા શેરી,



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર નામના છાત્રને માર મારતા મામલો બીચક્યો હતો. જેમાં માર ખાતા ઝહીર નાગોરી નામના છાત્રને બચાવવા પાલનપુરના એસ.ટી. કોલેની વિસ્તારમાં રહેતા એસ.ટી. ડ્રાઈવર પ્રશાંતભાઈ બારોટનો પુત્ર વિવેક બારોટ નામનો છાત્ર વચ્ચે કુદી પડ્યો હતો. ત્યારે આ અસામાજીક તત્વોએ એસ.ટી. કોલેનીમાં ઘુસી તેના પર હીચકારો હૂમલો કરતા દોડધામ મચી જવા પામી હતી. દરમિયાન બને છાત્રોને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

અસામાજીક તત્વોએ વિવેક બારોટને માર મારી તેને પહેરેલ સોનાની ચેન અને લક્કી, મોબાઈલ તથા અંદાજે રૂ. સાડા સા હજારની રોકડ રકમ લુંટી લઈ પલાયન થઈ ગયા હોવાનું તેના પિતા પ્રશાંત બારોટે જણાવ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત ઝહીર નાગોરીએ પણ તેની કોલેજની ફી રૂ. ૫,૪૦૦ની લૂંટ થઈ હોવાનું જણાવ્યું હતું. આયેદીન કોલેજમાં અસામાજીક તત્વો દ્વારા થતા હૂમલા સામે વાલીઓએ ફીટકારની લાગણી વરસાવી હતી.

## અરવલ્લી ખાણ ખનિજ વિભાગે
# ગેરકાયદેસર ખનિજ વહન કરતા પાંચ વાહનો જપ્ત કર્યા

મોડાસા, તા.૮

અરવલ્લી જિલ્લામાં ખાણ ખનિજ વિભાગ દ્વારા જિલ્લામાંથી અંદર બે ટ્રેકટર અને ત્રણ ટ્રકો મળી કુલ ૫ વાહન સીઝ કરીને દંડનીય કાર્યવાહી હાથ ધરતાં ડિસોઝા દ્વારા જિલ્લામાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. થોડા સમય પહેલા બોગસ રોયલ્ટી પણ જાતના રોયલ્ટી પરમીટ વિના ગેરકાયેદસર રેતી અને ખનીજનું ખોદકામ કરીને હેરાફેરી કરતાં બે ટ્રક અને જીવણપુર પાસેથી એક ટ્રક મળી કુલ ત્રણ ટ્રકો ઝડપી લેવામાં આવી હતી. આ ત્રણેય ટ્રકોને ડીટેઈન



(તસવીર : જય અમીન, મોડાસા)



ગેરકાયદેસર ખનીજનું વહન કરતા ભૂમાફિયાઓ પર સપાટો બોલાવ્યો છે. ખાણ ખનિજ વિભાગ દ્વારા જિલ્લામાં લગાતાર ચાંપતી નજર રાખીને વ્યાપક તપાસ હાથ ધરતાં ત્રણ દિવસની જિલ્લામાં ગેરકાયદેસર રેતી-ખનીજની હેરાફેરી કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા જિલ્લામાં ખાણ ખનીજ ઈન્સ્પેકટર આલ્ફાન્સો પાસનું કૌભાંડ અને ચાર ઓવરલોડ રેતી ભરેલા ટ્રકોની કાર્યવાહી ચાલુ હતી ત્યાં જ ફરીથી જલ્લામાં ખાણ ખનિજ વિભાગના ઈન્સ્પેકટરોએ સઘન ચેકિંગ હાથ ધરતાં મેશ્વો નદીના પટમાં (રમોસ ગામની પાસ)થી કોઈ ટ્રેકટર ઝડપી પાડી અંદાજે ૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બંને ટ્રેકટરોને ડીટેઈન કરવાની સાથે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે મોડાસા બાયપાસ રોડ પાસેથી ઓવરલોડ ભરેલી બે કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા ઓચિંતો દરોડો પાડી દંડનીય કાર્યવાહી હાથ ધરવા છતાં અરવલ્લી જિલ્લામાં ભૂમાફિયાઓ બેફામ બન્યા છે.

# અભાપુરની સીમમાંથી દેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

હિંમતનગર, તા. ૮

વિજયનગર તાલુકાના અભાપુર ગામની સીમમાંથી મંગળવારે સાંજે ૩૦૦ લીટર દેશી દારૂનો જથ્થો કારમાં રાજસ્થાનથી ગુજરાત લઈ જવાતો હોવાની બાતમી આધારે વિજયનગર પોલીસે ઝડપી લીધો હતો. જોકે પોલીસને જોઈ કાર ચાલક કાર મૂકી ભાગી છુટ્યો હતો. જે અંગે વિજયનગર પોલીસે કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોધી રૂા.૧,૫૬,૦૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

વિજયનગર પોલીસ મથકના જમાદાર રમેશભાઈ વજેસિંહ સોલંકીને મંગળવારે બાતમી મળી હતી કે વિજયનગર તાલુકાના અભાપુર ગામની સીમમાંથી સેન્ટ્રો કારમાં રાજસ્થાનથી ગુજરાત દેશી દારૂનો જથ્થો ભરીને લઈ જવાતો હોવાની બાતમી મળી હતી. જે આધારે જમાદારે વોચ ગોઠવી હતી. ત્યારે કાર નં.જીજે.૮.એફ.૪૫૯૯ નીકળતા તેને રોકવાની કોશિષ કરતા કાર ચાલક કાર લઈ ભાગી છુટ્યો હતો. જેનો પીછો કરતા કાર ચાલક કાર મુકી ભાગી ગયો હતો. ત્યારબાદ પોલીસે કારમાં તલાશી લેતા તેમાંથી રૂા.૬૦૦૦ નો ૩૦૦લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. જે અંગે ઝડપી લીધો હતો. જયારે કાર ચાલક કાર મુકી ભાગી છુટ્યો હતો. જે અંગે વિજયનગર પોલીસે અજાણ્યા કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોધી રૂા.૬૦૦૦ નો દારૂ, રૂા.૧,૫૦,૦૦૦ ની કાર મળી રૂા.૧,૫૬,૦૦૦ નો મુદ્દામાલ કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વિદ્યાર્થીનીઓએ જૈન આરાધના કેન્દ્રની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૮

સેક્ટર-૨૩ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ કન્યા શાળાની ધો. ૬ની વિદ્યાર્થીનીઓએ મહાવીર જૈન આરાધના કેન્દ્રની મુલાકાત લીધી હતી. તા. ૭ જુલાઈ મંગળવારના રોજ શાળાની ૩૬૦ વિદ્યાર્થીનીઓએ શૈક્ષણિક મુલાકાત દરમ્યાન જૈન સ્મૃતિ ગ્રંથ સંગ્રહાલય, આદિનાથ પ્રભુજીનાલયની રૂબરૂ જઈ ભોજપત્રો, તામ્રપત્રો, શિલાલેખ, વિવિધ પ્રાચીન લિપિઓ તથા જૈનધર્મના પુસ્તકો નિહાળ્યા હતા. આ પ્રોગ્રામનું આયોજન શાળાના શિક્ષક વિષ્ણુભાઈ અને પ્રવિણભાઈએ કર્યું હતું.

## શબ્દાવલી - ૫૭૮૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ■ | ૯ | | |
| ૧૦ | | ■ | ■ | ૧૧ | | ■ | |
| | ■ | ૧૨ | | | | ■ | ■ |
| ૧૩ | ૧૪ | | ■ | | ■ | ૧૪ | ૧૬ |
| ■ | ૧૭ | | | ■ | ૧૮ | | |
| ૧૯ | | | ■ | ૨૦ | ■ | ■ | |
| | ■ | ■ | ૨૧ | | | | |

### આડી ચાવી

૧. પ્રોત્સાહન માટે મદદ કરવા અપાતી સહાત (૪)
૫. ઇચ્છા, આકાંક્ષા (૩)
૮. બકવાટ, લવારો (૪)
૯. પપ્પાના બેન (૩)
૧૦. એક તેજાનો કાળા ગોળ દાણા (૨)
૧૧. રોટલા (૨)
૧૨. યુક્તિ, પ્રયુક્તિ (૪)
૧૩. દૃષ્ટિ (૩)
૧૫. સાધના, તપસ્યા (૨)
૧૭. ઉતારો, અનુકરણ (૩)
૧૮. ખુબ, વધારે (૩)
૧૯. દિવાસળીની પેટી (૩)
૨૦. ચાડી ખાઉં (૫)

### ઊભી ચાવી

૧. પાણીની સપાટી નીચે ચાલતી બોટ (૫)
૨. એક ચોપગું પ્રાણી (૩)
૩. વાસી (૨)
૪. પ્લેટ, તાસક (૨)
૫. સૂર્ય (૪)
૬. વઘાર કરવા વપરાતા કાળા ઝીણા દાણા (૨)
૭. બોલીને જણાવેલ હકીકત (૩)
૧૧. ઉતાવળ, આજ્ઞા, ફરમાન (૩)
૧૨. બાણ, સર (૪)
૧૪. પિતા, પાલક (૩)
૧૫. અને, એન્ડ, ઔર (૨)
૧૬. કેડી, પથ (૪)
૧૯. રમત, દાવ (૨)
૨૦. અગ્નિ, અગન (૨)

### શબ્દાવલી ૫૭૮૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) પોરબંદર (૫) લુઆ (૭) દરવાન (૯) નાસપતિ (૧૧) તાલી (૧૪) વાડી (૧૫) સોનપાપડી (૧૮) સાટાપાટા (૧૯) ડાઘ (૨૦) રાજગરો (૨૧) રસોઇગૃહ (૨૨) લાળ

**ઊભી ચાવી :-** (૧) પોકળતા (૨) બંદગી (૩) દર (૪) રવાના (૬) આપત્તિ (૮) નસવાડી (૧૦) પડી (૧૨) લીસોટા (૧૩) ગપાટા (૧૬) નપા (૧૭) નઘરોળ (૧૮) સાબર (૧૯) ડાગરા (૨૦) રાહ

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

# અમીરગઢના કાનપુરા (ગો) ખાતે કાફ રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૮

બનાસકાંઠા જિલ્લા સહકારી ખેડૂતો અને પશુપાલકોએ પશુપાલનના ધંધાને મુખ્ય ધંધા તરીકે તેનો ઉછેર થાય છે અને તેની દૂધ ઉત્પાદન ક્ષમતામાં પણ નોંધપાત્ર



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

દૂધ ઉત્પાદક સંઘ લી., બનાસડેરી દ્વારા અમીરગઢ તાલુકાના કાનપુરા (ગો) ખાતે વાતાવરણની જાળવણી તેમજ સામાજીક સ્તર સુધાર સમારોહ અને કાફ રેલી યોજાઈ હતી. ડૉ. હરીભાઈ પટેલે સ્વાગત પ્રવચન અને મહેમાનો દ્વારા દિપ પ્રાગટયથી કરવામાં આવી હતી.

સમારોહના અધ્યક્ષ અને બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળે જણાવેલ કે વર્તમાન સમયે સ્વીકાર્યો છે અને આ એકમાત્ર ધંધો એવો છે જે સતત દૂધના ભાવો વધારે આપે છે જયારે અન્ય ધંધાઓમાં આવક સ્થિર નથી. સરકાર દ્વારા પણ દૂધ ઉત્પાદકો માટે વિવિધતમ યોજનાઓ અમલમાં મુકેલ છે જેનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. ટ્રાયબલ વિસ્તારમાં પાડી વાછરડી ઉછેર માટે સરકારશ્રીના સહયોગથી દાણ, રસીઓ વગેરે આપવામાં આવે છે જેના પરિણામે વૈજ્ઞાનિક પધ્ધતિથી વધારો થશે. હાલમાં આપણે પ્રતિદિન ૪૨ લાખ લીટર દૂધ સંપાદન કરીએ છીએ અને આવનાર વર્ષમાં ૫૦ લાખ લીટર દૂધ સંપાદન થશે પરંતુ સાથે સાથે તેની ગુણવત્તા પણ જાળવવી પડશે.

આ પ્રસંગે અમીરગઢ તાલુકાની દૂધ મંડળીઓના ચેરમેન-મંત્રી, સહકારી આગેવાનો અને વિશાળ સંખ્યામાં દૂધ ઉત્પાદકોએ ઉપસ્થિત રહી પ્રસંગની ગરીમા વધારી હતી.

# એન્જિનિયરીંગ શાખામાં ૧૪મી જુલાઈથી બીજા દોરનો પ્રવેશ

## પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા ઈચ્છુક રહેલા વિદ્યાર્થીઓએ રિસફલિંગમાં ઓનલાઈન સંમતિ આપવી પડશે : રિપોર્ટ

અમદાવાદ, તા.૮

બેચરલ ઓફ એન્જિન્યરીંગમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ પ્રથમ રાઉન્ડ બાદ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા બાદ ફી જમા કરાવવામાં આવશે. જે પૂર્ણ થયા બાદ ૧૪ જુલાઈથી ૨૭ જુલાઈ દરમિયાન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. બીજા રાઉન્ડ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માંગતા વિદ્યાર્થીઓએ રીશફલીંગમાં ઓનલાઈન સંમતી આપવાના રહેશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડીગ્રી એન્જિન્યરીંગના અભ્યાસક્રમ માટે ઉપલબ્ધ ૭૧ હજાર જેટલી બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં પ્રથમ રાઉન્ડનાં અંતે ૪૬ હજાર વિદ્યાર્થીઓએ પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે. જેમાં મોટાભાગની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો બેઠકો ભરાઈ જવા પામી છે. જયારે સેફ ફાઈનાન્સ એન્જીન્યરીંગ કોલેજોની ૨૫ હજાર થી વધુ બેઠકો હજી ખાલી રહેવા પામી છે. ત્યારે આ ખાલી બેઠકો ઉપર પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવા માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશન કોસીસ દ્વારા બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ પ્રવેશ પ્રક્રિયા આગામી ૧૪ જુલાઈથી હાથ ધરવામાં આવશે. જે ૨૭મી જુલાઈ સુધી ચાલશે જેમાં પ્રવેશથી વંચિત રહેલ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓએ પ્રથમ રાઉન્ડ પ્રવેશ કન્ફર્મ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. જો કે આ માટે તેમણ રીશફલીંગમાં ઓનલાઈન સંમતી આપવી જરૂરી છે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષ રાજયમા એન્જિન્યરીંગ કોલેજોની ૭૧ હજાર બેઠકોની સામે માત્ર ૫૪ હજાર વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેના કારણે ડીગ્રી એન્જિન્યરીંગની ૨૦ હજારથી વધુ બેઠકો ખાલી રહે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ટચૂકડી જાહેર ખબર
જગ્યા ભાડે આપવાની છે
(શો-રૂમ, બેન્ક, ઓફિસ લાયક)
પ્રથમ માળ-૧૪૦૦ ફૂટ, બીજો માળ-૧૩૦૦ ફૂટ
ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
મો. ૯૮૭૯૫ ૨૩૮૬૦

# ઈસ્પાર્ક વિરિડિયને ૧૫ સ્ટાર્ટ-અપ્સને એવોર્ડ આપ્યાં

## સંયુક્ત સાહસના પ્રથમ બિઝનેસ એક્સલેશન પ્રોગ્રામનું કેન્દ્ર અમદાવાદમાં સ્થપાશે

વિશ્વના સૌથી વિશાળ એક્સલરેટર્સ-યુકેની એન્ટરપ્રિનેરિયલ સ્પાર્ક અને ભારતની વિરિડિયન વેન્ચર્સ વચ્ચેના સંયુક્ત સાહસ વિરિડિયન ઈસ્પાર્ક એક્સેલેટર દ્વારા અહીં મંગળવારના રોજ ૧૫ સ્ટાર્ટ-અપ્સ એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ પૈકી ૪ એવોર્ડ મહિલા ઉદ્યોગસાહસિકોની કેટેગરી અંતર્ગત, ૩ એવોર્ડ સામાજિક સાહસિકતા, ૧ એવોર્ડ ગ્રીન ટેકનોલોજી તેમજ ૩ એવોર્ડ અન્ય સેક્ટર સાથે નવીનીકરણ અને ટેકનોલોજીની ખાસ કેટેગરીમાં આપવામાં આવ્યા હતા. આ વર્ષે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત પ્રસંગે કારોબારી યોજનાની સ્પર્ધા મારફતે ઉદ્યોગ સાહસિકોની પસંદગી કરવામાં આવી હતી. આ માટે સમગ્ર ભારતમાંથી ૧૪૦ કરતા વધારે એન્ટ્રીઝ મળી હતી. અમદાવાદ, રાજકોટ, એનસીઆર, મુંબઈ, હૈદરાબાદ, બિકાનેર, શિમલા અને મધ્યપ્રદેશના સેઓનીમાંથી આવેલ લોકોને એવોર્ડ મળ્યા હતા.

ઓગષ્ટ, ૨૦૧૫માં અમદાવાદથી શરૂ થનાર વિરીડિયન એસપાર્ક એક્સેલેટર પ્રોગ્રામનો ભાગ બનવા માટે ત્રેવિસ અરજીઓની આ સ્પર્ધામાંથી પસંદગી કરવામાં આવી છે. પસંદગી પામેલા ઉમેદવારો સાથે ચર્ચા કરવામાં આવી રહી છે. પસંદ પામેલ ઉમેદવારોને બાંયધરી આપવામાં આવે છે તે પ્રમાણે વિરિડિયન વેન્ચર્સ તરફથી આશરે રૂપિયા ૧ કરોડનું ભંડોળ ઉપલબ્ધ કરાવવા ધ્યાનમાં લેવામાં આવે છે.

વિરિડિયન વેન્ચર્સે વિશ્વના સૌથી વિશાળ અને યુરોપના સૌથી સક્રિય યુકેના એન્ટરપ્રિનેરિયલ સ્પાર્કને સંયુક્ત સાહસ વિરીડિયન ઈસ્પાર્ક એક્સેલેટર તરીકે સંયુક્ત સાહસમાં વિરીડિયન દ્વારા સંચાલિત એન્ટરપ્રિનેરિયલ સ્પાર્ક ભારતમાં લાવવામાં સફળતા મેળવી હતી.

## વિકલાંગોને વ્યવસાય માટે લોનની માંગણી

ગાંધીનગર, તા. ૮

શામ સેવા ફાઉન્ડએશનના ચેરમેનશ્રી મગનભાઈ પટેલે જણાવ્યું છે કે વિકલાંગો પોતાનો વ્યવસાય શરૂ કરી રોજગારી મેળવી શકે તે માટે સરકારે લોન આપવાની પ્રક્રિયા સરળ બનાવવી જોઈએ. વિકલાંગોને લોન મેળવવા ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વિકલાંગોને લોન મેળવવા માટે ધક્કા ખાવા પડે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સ્પષ્ટ ગાઈડલાઈન છે કે રોજગારી મેળવવા માંગતા વ્યક્તિને ક્રેડીટ ગેરંટી યોજના હેઠળ લોન આપવાની હોય છે. તેમ છતાં વિકલાંગોને લોન મેળવવામાં હાડમારી ભોગવવી પડે છે.

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
(ગવર્નમેન્ટ ઓફ ગુજરાત અન્ડરટેકીંગ)

**જાહેર નિવિદા**

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી. ગાંધીનગરની કચેરી દ્વારા અત્રેની કચેરી માટે કેનન કંપનીના ઓથોરાઈઝ્ડ ડીલર પાસેથી નીચેની વિગત અનુસાર એક સ્કેનર ખરીદ કરવા માટે ભાવો મંગાવવામાં આવે છે. નીચેની વિગતે ભાવો તમામ ટેક્ષ સહિત ભરવાના રહેશે.

| મોડલ નં. | પાર્ટસની વિગત | ભાવ પ્રતિ નંગ (રૂા.માં) તમામ ટેક્ષ સહિત |
|---|---|---|
| DR-C225 | DOCUMENT SCANNER | |

૧. દર્શાવેલ ભાવો ઈન્સ્ટોલેશન સાથેના રહેશે.
૨. ભાવો એજન્સીએ પોતાના લેટરપેડમાં નિયત તારીખ સુધીમાં સ્પીડ પોસ્ટ / કુરીયર મારફતે મોકલવાના રહેશે.
૩. મોકલાવેલ ભાવો સાથે કેનન કંપનીના ઓથોરાઈઝ્ડનું સર્ટીફિકેટ ફરજીયાત આપવાનું રહેશે.
૪. ભાવો કચેરીને નીચેના સરનામે તા. ૧૭/૭/૨૦૧૫ સુધીમાં રજી.પો.એ.ડી./ કુરીયરથી મળી જાય તેમ મોકલી આપવાના રહેશે.

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.
ભોંયતળીયે, નિર્માણ ભવન, સેક્ટર નં.૧૦એ, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫
માહિતી/૮૭૨/૨૦૧૫-૧૬